## સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરનાર નરાધમ ઝડપાયો

સુરત : ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં સગીરાના અપહરણ અંગે પોલીસને બાતમી મળી હતી કે ભોગ બનનાર સગીરા અને આરોપી માંડવી તાલુકાના ઉટેવા ગામે છુપાયેલા છે. પોલીસે ત્વરિત દરોડો પાડી સગીરાને ઉટેવા ગામેથી સલામત રીતે મુક્ત કરાવી હતી. સગીરાની પૂછપરછમાં ખુલાસો થયો હતો કે આરોપી રોહિત ગામીત તેને લલચાવી-ફોસલાવી લગ્નના ઈરાદે ભગાડી ગયો હતો અને તેની મરજી વિરુદ્ધ વારંવાર શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હતું. ઘટના બાદ આરોપી ઉમરાગામ ભાગી ગયો હોવાની માહિતી મળતા પોલીસે આરોપીને દબોચી લીધો હતો.

## કોર્ટને બોમ્બની ધમકી આપનારનાં જામીન નામંજૂર

સુરતઃ સુરત ડિસ્ટ્રિક્ટ કોર્ટના ઈ-મેઈલ આઈડી પર બોમ્બ હોવાની ધમકી આપવાના કેસમાં આરોપી રમણ રામબાબુ મિશ્રાની જામીન અરજી કોર્ટે ફગાવી દીધી છે. પોલીસ તપાસ મુજબ આરોપીએ પોતાની ઓળખ છુપાવીને સુરત ડિસ્ટ્રિક્ટ કોર્ટના ઈ-મેઈલ પર કોર્ટમાં બોમ્બ હોવાની ધમકી મોકલી હોવાનું સામે આવ્યું છે. આરોપીએ જામીન મુક્ત થવા માટે કોર્ટમાં અરજી કરી હતી. સરકારી વકીલે ગુનાની ગંભીરતા અને કાયદામાં રહેલી સજાની જોગવાઈને ધ્યાનમાં રાખી જામીન અરજી નામંજૂર કરવા રજૂઆત કરી હતી. કોર્ટે નોંધ્યું કે જામીન આપવાથી સમાજ પર નકારાત્મક અસર પડી શકે કોર્ટે અરજી નામંજુર કરી હતી.

## સાસરિયાં સામે ફરિયાદ કરનારની કોર્ટમાં પલટી

સુરતઃ પરિણીતાએ પુણા ગામના રોનક લાઠિયા (પતિ), ધીરુ લાઠિયા (સસરા), રિધમ લાઠિયા (દિયર), વૈશાલી લાઠિયા, દિનેશ કાછડિયા સામે ફરિયાદ કરી હતી. આરોપીઓએ એકસંપ થઈ ફરિયાદીને શારીરિક-માનસિક ત્રાસ આપી પતિએ પિયરમાંથી રૂ.૫ લાખ લાવવા દબાણ કરી મારઝૂડ કરી ધમકી આપી ઘરમાંથી કાઢી મૂકી હોવાનો આરોપ હતો. આ કેસની ન્યાયિક કાર્યવાહી દરમિયાન આરોપી પતિ પક્ષે એડ્વોકેટ કમલેશ રાવલે બચાવ કર્યો હતો. સુનાવણી દરમિયાન ફરિયાદી મહિલા ફરી ગઈ હતી. સુનાવણી પૂર્ણ થયા બાદ કોર્ટે તમામ આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

## મોબાઈલ માટે માતાના ઠપકાથી યુવતીનો આપઘાત

સુરતઃ અબ્રામામાં મોબાઈલ પર વાત કરવા માતાએ ઠપકો આપતા યુવતીએ ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મળેલી માહિતી મુજબ, અબ્રામા ખાતે આવેલા વાસવરી ગામના પટેલ ફળિયામાં રોહિતભાઈ રાઠોડ પરિવાર સાથે રહે છે અને ખેતીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમજ તેમના સંતાન પૈકી 18 વર્ષીય પુત્રી પ્રિયંકાકુમારી પણ ખેતીકામ કરીને પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતી હતી. મંગળવારે સવારે પ્રિયંકાકુમારીએ ઘરના બાથરૂમમાં પાઇપ સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈ લીધો હતો. જોકે તેના પરિવારના સભ્યોની નજર પડતા તેને નીચે ઉતારીને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ લઈ આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી. પ્રિયંકાકુમારી મોબાઈલ ફોન પર કોઈની સાથે વાતો કરતી હતી. જે વાતને લઈને તેની માતાએ ઠપકો આપ્યો હતો. તે વાતનું માઠું લાગી આવતા પ્રિયંકાકુમારીએ આપઘાતનો પગલું ભર્યું હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

# દેશભરના 'કાન્હા' સુરતના કાપડના વાઘા પહેરશે

**જન્માષ્ટમીએ** સિલ્ક, વેલ્વેટ, નેટ, સાટિન સહિતના પ્રીમિયમ ફેબ્રિકની ભારે માંગ

**મથુરા,** વૃંદાવન, દ્વારકા, રાજસ્થાનના નાથદ્વારા, વારાણસી, અયોધ્યા, ભુવનેશ્વર, ઓડિશા સહિતનાં ધાર્મિક સ્થળોએ સુરતથી કાપડ જાય છે



સુરતઃ સુરતનો ટેક્સટાઈલ ઉદ્યોગ ભગવાનના પોશાક અને મંદિરના શણગાર માટેના કાપડનું પણ દેશવ્યાપી હબ બની ગયો છે. ખાસ કરીને જન્માષ્ટમીના પર્વને ધ્યાનમાં રાખીને સુરતના ટેક્સટાઈલ માર્કેટમાં ભગવાન શ્રીકૃષ્ણ અને અન્ય દેવતાઓ માટે વિશેષ પ્રકારના વસ્ત્રો તૈયાર કરવામાં આવી રહ્યા છે.

ભગવાનના વાઘા અને પોશાક માટે મુખ્યત્વે સિલ્ક, વેલ્વેટ, નેટ, સાટિન અને પ્રીમિયમ કોટન સ્લબ જેવા ફેબ્રિકનો ઉપયોગ થાય છે. કાપડને વધુ આકર્ષક બનાવવા માટે તેના પર હેવી જરી વર્ક, મોરપીંછની પ્રિન્ટ, બોર્ડર લેસ, ડાયમંડ વર્ક તથા આકર્ષક ડિજિટલ પ્રિન્ટિંગ કરવામાં આવે છે. આ ઉપરાંત જરદોશી અને હેન્ડવર્કથી તૈયાર થતાં વાઘાને શાહી લુક આપવામાં આવે છે.

માત્ર ભગવાનના વસ્ત્રો જ નહીં, જન્માષ્ટમી દરમિયાન મંદિર તથા મંડપના ડેકોરેશનમાં ઉપયોગમાં લેવાતા પ્રીમિયમ 'મંદિર ક્લોથ'નું પણ સુરતની મિલોમાં મોટા પાયે ઉત્પાદન થાય છે. શાહી અને ભવ્ય દેખાવ આપતા આ કાપડની પણ પર્વને પગલે માંગ વધી છે. સુરતના ભગવાનનાં વસ્ત્રો માટેના મોનોપોલી વેપારી હરીશભાઈ લાલવાણીએ જણાવ્યું હતું કે, રિંગ રોડ સ્થિત રાધાકૃષ્ણ ટેક્સટાઈલ માર્કેટ (RKT), વરાછા અને બેગમવાડી સહિતના વિસ્તારોના હોલસેલ વેપારીઓ દ્વારા આ પ્રકારનું કાપડ દેશના વિવિધ શહેરોમાં મોકલવામાં આવે છે. ખાસ કરીને મથુરા, વૃંદાવન, દ્વારકા, રાજસ્થાનના નાથદ્વારા, વારાણસી, અયોધ્યા, ભુવનેશ્વર અને ઓડિશા સહિતનાં ધાર્મિક સ્થળોએ સુરતથી કાપડ જાય છે. જન્માષ્ટમીના મહિનાઓ અગાઉથી જ દેશભરના હોલસેલર્સ અને ઉત્પાદકો સુરત આવીને જથ્થાબંધ ઓર્ડર બુક કરાવે છે. ત્યારબાદ સ્થાનિક કારીગરો આ કાપડમાંથી ભગવાન માટે વિવિધ ડિઝાઈનના વાઘા તૈયાર કરે છે.

### સુરતના કાપડથી દેશભરનાં મંદિરોમાં શણગારાશે



જન્માષ્ટમી આવે એટલે ભગવાન શ્રીકૃષ્ણના વાઘા અને શણગારની વિશેષ માંગ ઊભી થાય છે. સુરતમાં તૈયાર થતાં આ વસ્ત્રોમાં ફક્ત કાપડ જ નહીં, પરંતુ ડિઝાઇન અને કારીગરીનું પણ વિશેષ મહત્વ છે. સિલ્ક અને વેલ્વેટ જેવા કાપડ પર હેવી જરી, જરદોશી, ડાયમંડ વર્ક અને મોરપીંછની ડિઝાઇન ભગવાનના પોશાકને શાહી લુક આપે છે. રસપ્રદ બાબત એ છે કે સુરતમાં તૈયાર થતું કાપડ સીધું તૈયાર વાઘા સ્વરૂપે જ નહીં, પરંતુ દેશના વિવિધ શહેરોના કારીગરો સુધી ફેબ્રિક તરીકે પણ પહોંચે છે. મથુરા-વૃંદાવનના કારીગરોથી લઈને દ્વારકા અને નાથદ્વારાના કારીગરો સુધી સુરતના કાપડનો ઉપયોગ ભગવાનના વિશેષ પોશાક તૈયાર કરવામાં થાય છે. જન્માષ્ટમી પહેલાં જ દેશભરના વેપારીઓ સુરતમાં આવીને ઓર્ડર બુક કરાવતા હોવાથી તહેવારના મહિનાઓ અગાઉથી ટેક્સટાઇલ માર્કેટમાં ભગવાનના વસ્ત્રોના કાપડની ખરીદી-વેચાણ શરૂ થઈ જાય છે.

# પાંડેસરામાં પાર્ક કરેલી કારમાં અચાનક આગ ફાટી નીકળી

**વહેલી** સવારે બનેલી ઘટનામાં બાજુમાં રહેલી મોપેડ પણ સળગી ગઈ

**ફાયર** બ્રિગેડે સમયસર કાબૂ મેળવતાં મોટી દુર્ઘટના ટળી

સુરત : શહેરના પાંડેસરા વિસ્તારમાં ઘર પાસે પાર્ક કરી મુકેલી એક ફોર-વ્હીલ કારમાં અચાનક ધુમાડા નીકળ્યા બાદ ભીષણ આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં બાજુમાં પાર્ક કરેલી મોપેડ પણ તેની ઝપેટમાં આવી ગઈ હતી. આ ઘટનાને પગલે આસપાસના રહીશોમાં ભારે અફરાતફરી અને દોડધામ મચી જવા પામી હતી.

ફાયર બ્રિગેડ પાસેથી પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર, પાંડેસરા સ્થિત નવજીવન એપાર્ટમેન્ટ નજીક આવેલા આકાશ રો-હાઉસમાં રહેતા રહીશોએ પ્લોટમાં પોતાની કાર અને મોપેડ પાર્ક કર્યા હતા. મંગળવારે વહેલી સવારે કારમાં અચાનક શંકાસ્પદ રીતે આગ પકડાતા ધુમાડાના ગોટેગોટા નીકળવા લાગ્યા હતા. આગે જોતજોતામાં બાજુમાં મુકેલી મોપેડને પણ ચપેટમાં લઈ લેતા સ્થાનિક રહીશો ભયભીત થઈ ગયા હતા. ઘટના બનતા જ આસપાસના લોકોએ પોતાના સ્તરે પાણીનો છંટકાવ કરી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ હાથ ધર્યો હતો. ઘટના અંગે ફાયર વિભાગને જાણ કરવામાં આવતા જ કાફલો તુરંત સ્થળ પર દોડી આવ્યો હતો. ફાયર ફાઈટરોએ અડધાથી પોણા કલાક સુધી સતત પાણીનો મારો ચલાવીને આગને સંપૂર્ણ રીતે બુઝાવી દીધી હતી. ફાયર ઓફિસરના જણાવ્યા અનુસાર, સમયસર આગ પર કાબૂ મેળવી લેવાતાં મોટી દુર્ઘટના અટકી હતી અને આ બનાવમાં કોઈ ઈજા કે જાનહાનિ થઈ નથી.

## ઢોલ વાગે, ધામધૂમ થાય, બાપ્પા તારા આગમનથી માનવ મહેરામણ છલકાય



ગણેશોત્સવના દિવસો જેમ જેમ નજીક આવી રહ્યા છે, તેમ તેમ ગણેશ ભક્તોમાં ઉન્માદ વધી રહ્યો છે. આજે મંગળવારે બાપ્પાના આગમન સાથે જ ભાગળ ચાર રસ્તા પર કીડિયારું ઊભરાયું હોય તે ભક્તોની ભીડ ઊમટી પડી હતી. શ્રીકૃષ્ણના સ્વરૂપમાં વિઘ્નહર્તાની પ્રતિમાને જોવા રીતસરની પડાપડી જોવા મળી હતી. મંગળવારનો દિવસ હોવા છતાં જાણે કોઈ રજાના દિવસે પણ ભીડ ન જોવા મળે તેવી ભીડ ભાગળ ચાર રસ્તા પર ભેગી થઈ ગઈ હતી. **(તસવીરઃ હેમંત ડેરે)**

# સ્મીમેરમાં નોર્મલ કહીને રજા આપેલી 7 માસની માસૂમ બાળકીનું મોત

**સમયસર** સારવાર મળી હોત તો બાળકી બચી જાત

**પરિવારે** આક્ષેપ કરીને હોસ્પિટલની કામગીરી સામે ફિટકાર વરસાવ્યો

સુરતઃ ઊનમાં રહેતા પરિવારની સાત માસની માસૂમ બાળકીનું સ્મીમેર હોસ્પિટલમાં સારવાર દરમિયાન મંગળવારે વહેલી સવારે મોત થતાં પરિવારજનોમાં આક્રોશ ફેલાયો હતો.

મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલમાં ઊન પાટિયા ખાતે આવેલા આશિયાનગરમાં રહેતા સાજીદ મલિકની 7 માસની પુત્રી જીયાને છેલ્લા બે-ત્રણ દિવસથી શરદી, ખાંસી અને તાવની તકલીફ હતી. સોમવારે તેની તબિયત વધુ બગડતાં પરિવારજનો તેને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. બાળકીની તબિયતને ધ્યાનમાં રાખીને તેને બાળકો વિભાગના પીઆઈસીયુ વોર્ડમાં દાખલ કરવામાં આવી હતી. પરિવારના સભ્યના જણાવ્યા મુજબ, બાળરોગ વિભાગના ડોક્ટરોએ પ્રાથમિક સારવાર કર્યા બાદ બાળકીની સ્થિતિ સામાન્ય હોવાનું જણાવી દવા લખીને રજા આપી દીધી હતી. જો તે સમયે બાળકીની સ્થિતિને ગંભીરતાથી લઈને હોસ્પિટલમાં દાખલ કરી હોત અને યોગ્ય સારવાર આપી હોત તો કદાચ તેનો જીવ બચી શક્યો હોત. સમયસર યોગ્ય સારવાર નહીં મળવાના કારણે મોત થયું હોવાનો પરિજનોએ આક્ષેપ કર્યો હતો.

### સ્મીમેરના તબીબે આક્ષેપો ફગાવ્યા

સ્મીમેર હોસ્પિટલના બાળરોગ વિભાગના વડા ડો. પૂનમ સિંઘે પરિવારના આક્ષેપોને નકારી કાઢ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, બાળકી પહેલેથી જ કુપોષિત હતી અને તેના શરીરમાં નબળાઈ હતી. સોમવારે સવારે જ્યારે તેને સારવાર માટે લાવવામાં આવી ત્યારે તેને શરદીની તકલીફ હોવાનું જણાયું હતું, જેના આધારે જરૂરી સારવાર આપી દવા લખવામાં આવી હતી. બાદમાં તેની સ્થિતિ બગડતાં તેને હોસ્પિટલમાં દાખલ કરી સારવાર આપવામાં આવી હતી. તબીબોએ સમયસ, યોગ્ય સારવાર આપી હોવાનું તેમણે સ્પષ્ટ કર્યું હતું.

# સુરતમાં તાવમાં વધુ બેનાં મોત, મૃત્યુ આંક 23 થયો

**મોટા** વરાછામાં શરદી-ખાંસી અને તાવથી પીડાતી મહિલાનું મોત, ભેસ્તાનમાં 15 દિવસથી તાવની બીમારી બાદ વૃદ્ધે જીવ ગુમાવ્યો

સુરત : શહેરમાં તાવ, શરદી-ખાંસી, ડેન્ગ્યુ, મલેરિયા તેમજ ઝાડા-ઉલ્ટી જેવી બીમારીઓ વધી રહી છે, જેમાં આજે વધુ બેનાં મોત થયા છે. અત્યાર સુધીમાં 23 લોકોના મોત થયાનું સામે આવ્યું છે.

મળેલી વિગતો મુજબ, મૂળ બિહારના વતની અને હાલમાં મોટા વરાછાના દુખિયાના દરબાર રોડ પર નવી બંધાતી શિવાંત સોલિટેક સાઈટ ખાતે ઝૂંપડામાં રહેતી 28 વર્ષીય રેશ્મા સરવર આલમને છેલ્લા એક મહિનાથી શરદી, ખાંસી અને તાવની તકલીફ હતી. પરિવારજનો દ્વારા તેને અલગ-અલગ દવાખાનામાં સારવાર પણ કરાવવામાં આવી હતી. જોકે સોમવારે સવારે તેની તબિયત અચાનક વધુ લથડતાં સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કરી હતી. બીજા બનાવમાં, મૂળ પશ્ચિમ બંગાળના વતની અને હાલમાં ઊન પાટિયા ખાતેના તિરૂપતિ નગરમાં રહેતા 63 વર્ષીય કૃષ્ણા રામેશ્વર પ્રસાદ છેલ્લા 15 દિવસથી તાવ સહિતની બીમારીથી પીડાતા હતા. તેમની સારવાર પણ ચાલી રહી હતી. જોકે સોમવારે રાત્રે તબિયત વધુ બગડતાં તેઓ ઘરે ઢળી પડ્યા બાદ તેમનું મોત નીપજ્યું હતું.

# પતિના બારમાના દિવસે જ વિધવાને પહેરેલે કપડે ઘરમાંથી કાઢી મૂકી

**સાસુ-નણંદ** અને નણદોઈએ ઝઘડો કરી સ્ત્રીધન પચાવી દરવાજો બંધ કરી દીધો

સુરતઃ વેસુ વિસ્તારમાં રહેતી એક વિધવા યુવતી પર સાસરિયાઓએ ગુજારેલા અમાનુષી અત્યાચારનો હૃદયસ્પર્શી કિસ્સો સામે આવ્યો છે. લગ્નના માત્ર ત્રણ જ મહિનામાં પતિને કોરોનામાં ગુમાવી ચૂકેલી અભાગી યુવતીને આશ્વાસન આપવાને બદલે પતિના બારમાની વિધિના દિવસે જ સાસુ, નણંદ અને નણંદોઈએ ભેગા મળીને સોના-ચાંદીના દાગીના પચાવી પરિણીતાને પહેરેલે કપડે ઘરમાંથી કાઢી મૂકી હોવાની ગંભીર ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.

હાલ વેસુના સુમન મલ્હાર આવાસમાં માતા-પિતા સાથે રહેતી ૩૪ વર્ષીય શ્વેતાના લગ્ન ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ ચોક બજાર સ્થિત આર્ય સમાજની વાડી ખાતે વિક્કી વિનોદચંદ્ર મોદી સાથે થયા હતા. લગ્ન બાદ શ્વેતા પોતાના પિયર અને સાસરી પક્ષ તરફથી મળેલ કિંમતી સોના-ચાંદીના દાગીના તથા કરિયાવરનો સરસામાન લઈને જહાંગીરાબાદ ખાતે આવેલા સાઈ વિલા ફ્લેટમાં રહેવા ગઈ હતી. લગ્નના ત્રણ માસ બાદ જ પતિ વિક્કી મોદીને કોરોના થતાં હોસ્પિટલમાં તેમનું નિધન થયું હતું. પતિના ૧૨માની વિધિના દિવસે શ્વેતાના પિયરપક્ષના લોકો પણ હાજર હતા ત્યારે સાસુ, નણંદ અને નણંદોઈ સંદીપ પાનવાલાએ એકસંપ થઈ શ્વેતા અને તેના માતા-પિતા સાથે ગાળાગાળી કરી પહેરેલે કપડે ઘરમાંથી કાઢી મૂકી અંદરથી દરવાજો બંધ કરી દીધો હતો.

છેલ્લા ચાર વર્ષથી પિયરમાં ઓશિયાળું જીવન જીવતી શ્વેતાના પરિવારે અનેક વખત સમાધાનના પ્રયાસો કર્યા પરંતુ સાસરિયાઓએ દાગીના કે સામાન પરત આપ્યો નહોતો. શ્વેતાએ પોતાની સાસુ મિનાક્ષીબેન વિનોદચંદ્ર મોદી (ઉં.વ.૬૯, રહે., માધવાનંદ સોસાયટી, કતારગામ, મૂળ સાંઈ વીલા,જહાંગીરાબાદ) અને નણંદ શ્વેતા સંદીપ પાનવાલા (ઉં.વ.૪૧), નણંદોઈ સંદીપ પાનવાલા (બન્ને રહે., માધવાનંદ સોસાયટી, કતારગામ) વિરુદ્ધ કાયદેસરની પોલીસ ફરિયાદ નોંધાવી છે. મહિલા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ભાડે લીધેલી કારનો અકસ્માત કરી ૨.૧૮ લાખનું નુકસાન કર્યું

**કપલમાં** સાપુતારા ફરવા જવાના બહાને કાર ભાડે લીધી, લાઇસન્સ વગર ગાડી ચલાવી અકસ્માત કર્યો

સુરત : જહાંગીરપુરા વિસ્તારમાં કાર રેન્ટલ એજન્સી ચલાવતા વેપારી સાથે વિશ્વાસઘાત અને ઠગાઈનો કિસ્સો સામે આવ્યો છે.

કતારગામના નારાયણ નગર ખાતે રહેતા અને જહાંગીરપુરા દાંડી રોડ પર આવેલા નિર્વાના શોપર્સમાં 'ડ્રીમ કાર રેન્ટલ એજન્સી' ચલાવતા વિવેક ગોરધનભાઈ ઠુમ્મર (ઉ.વ. ૨૯) પાસેથી રવિ રાનીપા અને કુશ ઘેટિયાએ પત્ની સાથે સાપુતારા ફરવા જવાના નામે કિયા સોનેટ કાર ૨૪ કલાક માટે ભાડે માગી હતી. વિવેકભાઈએ ડ્રાઈવિંગ લાયસન્સ માગતા કુશ પાસે લાયસન્સ ન હોવાથી રવિ રાનીપાએ પોતાનું લાયસન્સ અને ઓળખકાર્ડની નકલ આપી પોતે જ કાર ચલાવશે તેવી બાંહેધરી આપી હતી. જોકે, બાદમાં તા. ૧૭/૦૭/૨૦૨૬ના રોજ વાંસદા-વઘઈ રોડ પર આંબાવાડી ગામ નજીક કાર ખાડામાં ઉતરી જઈ અકસ્માતગ્રસ્ત થઈ હોવાનો ફોન કરી બંનેએ કારને પુણા પોલીસ સ્ટેશનમાં આપી દીધી હોવાનું કહ્યું હતું. વિવેકભાઈ જહાંગીરપુરા પોલીસને સાથે રાખી પુણા પોલીસ મથકે પહોંચ્યા હતા. જ્યાં કુશ અને રવિ કારની ચાવી આપીને ભાગી ગયા હોવાનું જાણવા મળ્યું હતું. વિવેકભાઈએ સર્વિસ સેન્ટરના રીપેરિંગના રૂપિયા ૨,૧૮,૦૦૦ ચુકવવા કહેતા બંનેએ સ્પષ્ટ ના પાડી દીધી હતી. જહાંગીરપુરા પોલીસે ગુનો નોંધ્યો હતો.

# ફૈઝલ ફટ્ટાને 29 ઘા મરાયા હતા, સોપારી કે જૂની અદાવતમાં હત્યાની આશંકા

**લાલગેટ** વિસ્તારના સીસીટીવીમાં મુખ્ય શંકાસ્પદ વસીમ અને અભિષેક નામના બે શખ્સો પીછો કરતા કેદ



સુરત : રાંદેર સ્થિત જિલાની બ્રિજ પર સોમવારે સાંજે પ્રોપર્ટી ડીલર ફૈઝલ હસન ફટ્ટાની થયેલી સરેઆમ ક્રૂર હત્યા કેસમાં ચોંકાવનારાં તથ્યો બહાર આવ્યા છે. સ્મીમેર હોસ્પિટલ ખાતે થયેલા પીએમ (પોસ્ટમોર્ટમ) રિપોર્ટમાં ખુલાસો થયો છે કે હુમલાખોરોએ ફૈઝલ પર કોઈ એક કે બે નહીં, પરંતુ તીક્ષ્ણ હથિયારો વડે અંધાધૂંધ 29 જેટલા ઘા ઝીંક્યા હતા. અતિશય લોહી વહી જવાને કારણે ફૈઝલનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું.

આ ચકચારી હત્યાકાંડના તાર મેળવવા માટે સક્રિય બનેલી પોલીસે સીસીટીવી ફૂટેજ ચકાસતા મોટો વળાંક આવ્યો છે. લાલગેટ વિસ્તારના સીસીટીવી કેમેરામાં મોપેડ પર સવાર બે શંકાસ્પદ યુવકો મૃતક ફૈઝલ ફટ્ટાનો સતત પીછો કરતા સ્પષ્ટપણે કેદ થયા છે. પ્રાથમિક તપાસમાં આ શંકાસ્પદ શખ્સો ભાઠેના વિસ્તારમાં રહેતા વસીમ અને અભિષેક હોવાનું સામે આવ્યું છે. પોલીસે 130થી વધુ કેમેરાના ફૂટેજ ખંગાળ્યા બાદ આરોપીઓની ધરપકડ કરવા માટે ક્રાઇમ બ્રાન્ચ અને ચોક બજાર પોલીસ મથકની સંયુક્ત રીતે 10 અલગ-અલગ તપાસ ટીમો બનાવી છે. બંને ભાગી છૂટ્યા છે. જેથી પોલીસ તેમના સંભવિત આશ્રયસ્થાનો પર દરોડા પાડી રહી છે. પોલીસના કહેવા મુજબ, આ હત્યા પાછળ કોઈ જૂની તીવ્ર દુશ્મનાવટ અથવા પ્રોપર્ટી વિવાદ કારણભૂત હોઈ શકે છે. આ ઉપરાંત, જે રીતે રેકી કરીને 29 ઘા ઝીંકીને ક્રૂરતાપૂર્વક હત્યા કરવામાં આવી છે, તે જોતાં આ કેસમાં 'સોપારી કિલિંગ' (કોન્ટ્રાક્ટ કિલિંગ)ની શક્યતાઓને પણ નકારી શકાય તેમ નથી.

### 300 CCTV અને 50 શંકાસ્પદની તપાસ બાદ 3 આરોપીની ઓળખ

સોમવારના રોજ રાત્રે 9:00 વાગ્યા આસપાસ બનેલા વણશોધાયેલા ફૈઝલ ફટ્ટા હત્યાના ગુનાનો ભેદ ઉકેલવા પોલીસ એક્શન મોડમાં આવી છે. ચોકબજાર પોલીસ, ઝોન-03 એલસીબી, ક્રાઇમ બ્રાન્ચ અને એસ.ઓ.જી.ની સંયુક્ત 10 ટીમો બનાવી તપાસ ધમધમાવવામાં આવી હતી. તપાસ દરમિયાન 300થી વધુ સીસીટીવી ફૂટેજ ચકાસવામાં આવ્યા હતા તથા 50થી વધુ શંકાસ્પદ ઇસમોની સઘન પૂછપરછ અને ટેક્નિકલ એનાલિસિસના આધારે ઘટનામાં સંડોવાયેલા 3 મુખ્ય આરોપીઓની સ્પષ્ટ ઓળખ કરી લેવામાં આવી છે. આરોપીઓને દબોચી લેવા પોલીસ ટીમોએ ચક્ર ગતિમાન કર્યા છે અને આરોપીઓ હાલ પોલીસના હાથવેંતમાં છે.

# પોલીસ ત્રાટકતાં જુગાર રમતી મહિલાઓમાં ભોગદોડ મચી

**મોટા** વરાછામાંથી 10 મહિલાને પોલીસે ઝડપી પાડી રોકડ, સ્માર્ટફોન મળી રૂ.૮૦,૭૭૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

સુરતઃ મોટા વરાછા વિસ્તારમાં આવેલી સોસાયટીના એક મકાનમાં ચાલતા મહિલા જુગારધામ પર ઉત્રાણ પોલીસે દરોડો પાડી મોટો પર્દાફાશ કર્યો છે. ઘરમાં ગંજીપાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતી ૧૦ મહિલાને પોલીસે રંગેહાથ ઝડપી પાડી હતી. પોલીસે ઘટનાસ્થળેથી રોકડ રકમ તેમજ મોબાઈલ ફોન મળી કુલ રૂ.૮૦,૭૭૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઉત્રાણ પોલીસ સ્ટેશનના પીએસઆઈ ડી.પી.પાંભર અને તેમની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે મોટા વરાછા સ્થિત સારથી એવન્યુના ઘર નંબર બી-૧૧માં જુગારધામ ચાલી રહ્યું છે. બાતમીના આધારે ગત તા.૩૧/૦૮/૨૦૨૬ના રોજ સાંજના આશરે પોણા પાંચથી પોણા સાત વાગ્યાના અરસામાં પોલીસે આકસ્મિક દરોડો પાડ્યો હતો. આ દરમિયાન મકાનમાં ગંજીપાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતી મહિલાઓમાં ભાગદોડ મચી ગઈ હતી.

પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું કે મકાનમાલિક લીલાબેન ભીખુભાઈ ગામી બહારથી અન્ય મહિલાઓને પોતાના ઘરે બોલાવી જુગાર રમવા માટે સાધનો તથા સવલત પૂરી પાડતા હતા અને તેના બદલામાં આર્થિક લાભ મેળવતા હતા. પોલીસે સ્થળ પરથી જુગાર રમી રહેલી લીલાબેન ગામી સહિત નિરાલીબેન કાછડીયા, જલ્પાબેન વેકરીયા, કાજલબેન હિરાપરા, સંગીતાબેન ચોડવડીયા, ધારીકાબેન ઊંધાડ, ભક્તિબેન પોસીયા, સુમિતાબેન ડોબરીયા, ભાવનાબેન કોલડીયા અને મનીષાબેન વેકરીયાને પકડી પાડ્યા હતા. દરોડા દરમિયાન પોલીસે દાવ પરથી રોકડા રૂ.૧,૪૪૦ તથા મહિલાઓની અંગઝડતીમાંથી રોકડા રૂ.૧૬,૩૩૦ મળી કુલ રૂ.૧૭,૭૭૦ની રોકડ રકમ જપ્ત કરી હતી. આ ઉપરાંત રૂ.૬૩,૦૦૦ની કિંમતના ૮ સ્માર્ટફોન અને લાઈટ બિલ કબજે કરી કુલ રૂ.૮૦,૭૭૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઉત્રાણ પોલીસે તમામ ૧૦ મહિલા સામે જુગારધારાની કલમ ૪ અને ૫ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.